# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

- **રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન 43 ડિગ્રી સેલ્સિયશથી ઉપર 46.6 ડિગ્રી સાથે અમદાવાદમાં સૌથી વધુ ગરમી.**
- **રાજ્યમાં જળાશયોમાં પાણીના સ્તરમાં ઘટાડો નોંધાયો. – સરેરાશ 29 ટકા પાણી જથ્થો ઉપલબ્ધ.**
- **પાકિસ્તાની એજન્સીની હનીટ્રેપમાં ફસાયેલા શખ્સને એટીએસએ પોરબંદરમાંથી ઝડપ્યો.**
- **ડિગ્રી ડિપ્લોમામાં પ્રવેશમાં નોંધણીની મુદ્દત લંબાવવામાં આવી.**
- **BCCI દ્વારા વડોદરા સહિત દેશના 50 શહેરોમાં આઈપીએલ ફેન પાર્ક સ્થપાશે.**

-----------------------------------------------------------------------------------

## Heat Wave

નૈઋત્યનું ચોમાસુ આગળ વધી રહ્યું છે, ત્યારે છેલ્લાં કેટલાંક દિવસોથી રાજ્યમાં ગરમીનો પારો સતત ઊંચે જઈ રહ્યો છે. ગઈકાલે રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોમાં તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસની ઉપર રહ્યું હતું.

ગઇકાલે રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદમાં નોંધાઈ હતી. આ મોસમમાં પ્રથમ વાર અમદાવાદમાં ગરમીનો પારો 46.6 ડિગ્રી સેલ્સિયસનાં મહત્તમ સ્તરે પહોંચ્યો હતો, જે મે 2016 બાદ સૌથી વધુ છે. 20મે, 2016નાં રોજ અમદાવાદમાં 48 ડિગ્રી તાપમાન નોંધાયું હતું,

અમદાવાદ વિમાનમથક ખાતે 47.3 ડિગ્રી નોંધાઈ હતી. અન્ય શહેરોનાં તાપમાનની વાત કરીએ તો સુરેન્દ્રનગરમાં 45.9, ગાંધીનગરમાં 45.7, ડીસામાં 45.4, વડોદરામાં 45, અમરેલીમાં 44.4, રાજકોટમાં 43.8 ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યનાં હવામાન વિભાગે હજુ ત્રણ દિવસ મોટાં ભાગનાં શહેરોમાં તીવ્ર ગરમીનાં મોજાની સાથે રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કર્યો છે.

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક સોશિયલ મિડીયા પોસ્ટમાં રાજ્યમાં ફરી વળેલા ગરમીના તીવ્ર મોજાની સ્થિતિમાં લોકોને સાવચેતી, સલામતી અને સતર્કતા રાખવા અપીલ કરી છે. તેમણે વધુમાં કહ્યું છે કે, આકરા તાપમાં રાજ્યના નાગરિકોના આરોગ્યની સલામતી જળવાય અને ગરમીની અસરથી લોકોને બચાવી શકાય તે માટેનું આયોજન પણ રાજ્ય સરકાર સંબંધિત વિભાગો સાથે કરી રહ્યું છે.

---------------------------------------------------------------------

## Water level down

રાજ્યમાં તીવ્ર ગરમીનું મોજું ફેલાઈ ગયું છે ત્યારે કેટલાંક જિલ્લામાં પાણીનો જથ્થો પણ ખૂટી રહ્યો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રનાં કેટલાંક જિલ્લાનાં જળાશયોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે ઘટી ગયું છે. 22મી મેની સ્થિતિ પ્રમાણે, રાજ્યનાં 207 જળાશયોમાં ઉપયોગમાં લઈ શકાય તેવો સરેરાશ 29.44 ટકા પાણીનો જથ્થો જ

ઉપલબ્ધ છે. ઉત્તર ગુજરાતનાં જળાશયોમાં 23.72 ટકા, કચ્છમાં 24.78 ટકા અને સૌરાષ્ટ્રમાં 30 ટકા જથ્થો બચ્યો છે.

---------------------------------------------------------------------

## Porbandar - Honeytrap

પોરબંદરમાંથી પાકિસ્તાની એજન્સીની હનીટ્રેપમાં ફસાયેલા એક શખ્સને ગુજરાત એ.ટી.એસ.એ ઝડપ્યો છે.

આ શખ્સ ઝઘડીયા ખાતે આવેલ ઢિફેન્સના સાધનો બનાવતી કંપનીમાંથી મિસાઈલ અને ડ્રોન સહિતની ડિઝાઈનો પાકિસ્તાનને મોકલતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ શખ્સના મોબાઈલમાંથી પોરબંદર અને ગુજરાતના કેટલાક બંદર સહિતના સ્થળોના સંવેદનશીલ દસ્તાવેજો પાકિસ્તાનમાં તેના એજન્ટને મોકલ્યા હોવાનું પણ ખુલ્યું છે.

એ.ટી.એસ. DySP એસ.એલ ચૌધરીએ જણાવ્યું હતું કે, પોરબંદરનો જતીન ચારણિયા નામનો માછીમાર પાકિસ્તાનથી સંચાલિત સોશિયલ મીડિયા એકાઉન્ટ પર માહિતી મોકલતો હતો. આ શખ્સ પોરબંદર દરીયાકાંઠે માછીમારીનો વ્યવસાય કરતો હતો અને છેલ્લા ચારેક મહીનાથી અદવિકા પ્રિંસ બનીને પાકિસ્તાની એજન્ટ સાથે સંપર્કમાં હતો અને ઇન્ડિયન કોસ્ટગાર્ડના જેટી તથા તેના વહાણોની માહીતી સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાનના એજન્ટને મોકલતો હોવાનું સામે આવ્યું હતું.

---------------------------------------------------------------------

## Bhavnagar Diesel Racket

ભાવનગરના વરતેજ પાસેનાં પેટ્રોલ પંપની પાછળની ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે ડીઝલ જેવા ભળતા જ્વલનશીલ પ્રવાહી સાથે

ત્રણ શખ્સને પોલીસે ઝડપી લઇ રૂ. ૧૫ લાખ ૫૫ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

વરતેજ પોલીસને બાતમી મળી હતી કે, વરતેજ પાસેનાં અશ્વિની પેટ્રોલ પંપની પાછળ ખુલ્લા પ્લોટમાં વરતેજ ગામના હિતેન્દ્રસિંહ ભાવસંગભાઈ પરમાર ગેરકાયદેસર જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો બેરલમાં રાખી ટ્રકની ટાંકીમાં ભરી આપી તેનું વેચાણ કરે છે. વરતેજ પોલીસે દરોડો પાડતા ત્રણ ઈસમો બેરલમાંથી ટ્રકની ટાંકીમાં જ્વલનશીલ પ્રવાહી ભરતા મળી આવ્યા હતા.

પોલીસે જ્વલનશીલ પ્રવાહીનું વેચાણ કરનાર ત્રણ વ્યક્તિની અટકાયત કરીને જ્વલનશીલ પ્રવાહી ભરેલા બેરલ, ટ્રક, પાંચ હજાર રૂપિયા રોકડા, ઈલેક્ટ્રીક મોટર, પ્લાસ્ટિકની નોઝલ સહિત કુલ પંદર લાખ પંચાવન હજાર આઠસો પચાસ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ત્રણેય ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

---------------------------------------------------------------

## Degree Pharmacy Admission

ધોરણ-12 સાયન્સ પછી ડિગ્રી ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે સમિતિ દ્વારા અગાઉ જાહેર કરવામાં આવેલા પ્રવેશ કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

કાઉન્સિલ દ્વારા કોલેજની મંજૂરી સહિતની પ્રક્રિયા બાકી હોવાથી નોંધણીની મુદત લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ 20મી જૂન સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકશે. અત્યાર સુધીમાં 17 હજાર 352 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે.

---------------------------------------------------------------

# Porbandar Polytechnic

પોરબંદરની સરકારી પોલીટેકનિક દ્વારા તારીખ ૩૦મી મેના રોજ ધોરણ- ૧૦ પછીનાં ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે માર્ગદર્શન સેમિનાર યોજાશે.

ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાની માહિતી અંગેના ક્રમિક પગલાં તથા પ્રવેશ પ્રક્રિયાને લગતાં વિદ્યાર્થી અને વાલીઓનાં પ્રશ્નોનાં નિરાકરણ માટે ACPDC, અમદાવાદના ઉપક્રમે નોડલ સંસ્થા સરકારી પોલીટેકનિક, પોરબંદર દ્વારા ૩૦મી મે, ગુરુવારના રોજ સવારે ૧૦ વાગ્યે રત્નસાગર હોલ ખાતે સેમિનાર યોજાશે.

પ્રવેશ સમિતિના અધિકારીઓ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં પ્રવેશ પ્રક્રિયાને લગતી સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવશે.

----------------------------------------------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.........................................

# Porbandar Smart Metre

પોરબંદરમાં સ્માર્ટ પ્રિપેડ મીટર લગાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પોરબંદરની વર્તુળ કચેરી હસ્તકના ટ્રાન્સફોર્મર પર સ્માર્ટ પ્રિપેડ મીટર લગાવવાની કામગીરીનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં સરકારી વીજ જોડાણ, પોરબંદરનાં ગ્રામીણ વિસ્તારોમાં ચોરાણુ હજાર ત્રણ સો સોળ અને માંગરોળ ડિવિઝન હેઠળના અગ્ણએંસી હજાર ચારસો વીસ જોડાણો પર સ્માર્ટ પ્રિપેડ મિટર લગાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વીજ કંપનીઓ દ્વારા વીજ ગ્રાહકો તેમની જરૂરિયાત મુજબ વીજ વપરાશ કરી શકે તેમજ વીજ વપરાશમાં પારદર્શકતા રહે તે હેતુથી સમગ્ર રાજ્યમાં વીજ લોસ ધરાવતા વિસ્તારમાં અને જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટ પ્રિપેડ મીટર લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જેનાં ભાગ રૂપે પોરબંદર PGVCL વર્તુળ કચેરી દ્વારા પોરબંદર ગ્રામ્ય ડિવિઝન અને માંગરોળ ડિવિઝન હેઠળના વીજ જોડાળોમાં સ્માર્ટ પ્રીપેડ મીટર લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------

# BCCI- VADODRA FAN PARK

BCCI દ્વારા વડોદરા સહિત દેશના 50 શહેરોમાં IPL ફેન પાર્ક ઉભા કરવામાં આવશે.

BCCIના અગ્રણી શીતલ મહેતા અને સત્યપાલ નિકોડેએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વડોદરાના પોલો ગ્રાઉન્ડ ખાતે ફેન પાર્ક બનાવવામાં આવ્યું છે. ક્રિકેટ પ્રશંસકોને રમતના મેદાન જેવો અનુભવ

મળી શકે તે હેતુથી ફેન પાર્ક સ્થાપવામાં આવી રહ્યા છે. અહીં ક્રિકેટ પ્રેમીઓ પોતાના મનપસંદ ખેલાડી અને ટીમને પ્રોત્સાહન આપી શકશે.

(ઓડિયો – શીતલ મહેતા)

---------------------------------------------------------------------

## Valsad-Mountaineer

વલસાડના ઉમરગામ ખાતે રહેતા રાણા પ્રતાપ સીંગે ઉત્તરાખંડમાં યોજાયેલ ગોઉમુખ તપોવન શિખર ચઢાણની આંતરરાષ્ટ્રીય સ્પર્ધા 7 કલાક અને 53 મિનિટમાં સર કરી ગુજરાત સહિત દેશનું નામ રોશન કર્યું છે.

અમારા વલસાડ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, ગત 15મી મેના રોજ ઉત્તરાખંડ ખાતે આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા યોજાયેલ સ્પર્ધામાં દેશ-વિદેશના અંદાજે 150થી વધુ પર્વતારોહકોએ ભાગ લીધો હતો. જેમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન, ઈન્ડોનેશિયા જેવાં દેશના સ્પર્ધકો સ્પર્ધામાં ભાગ લેવા ભારત ખાતે આવ્યાં હતાં.

જેમાં વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે રહેતા રાણા પ્રતાપસીંગે 14 હજાર 640 ફૂટની ઉંચાઈ માત્ર 7 કલાક અને 53 મિનિટમાં સર કર્યો છે.

---------------------------------------------------------------------

## Dakor Ranchhodraiji

ડાકોરમાં ગઈકાલે પૂનમ નિમિત્તે રાજા રણછોડરાયજીના દર્શન કરવા માટે ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યું હતું. સતત વધી રહેલી ગરમીથી ભક્તોને તકલીફ ન પડે તે માટે ડાકોર મંદિર પાસે ઠાસરા તાલુકા હેલ્થ સેન્ટર દ્વારા 108 ઇમરજન્સીની સુવિધા ઉભી કરવામાં આવી હતી.

આ વિશે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડો.વી.એ. ધ્રુવે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું....

**(ઓડિયો - ડો.વી.એ. ધ્રુવે, જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી)**

-----------------------------------------------------------------------

## Vadodara patotsav

વડોદરાનાં કારેલીબાગ સ્થિત લાડીલા ઘનશ્યામ મહારાજના દ્વિ-દશાબ્દી મહોત્સવના 20મા પાટોત્સવ નિમિત્તે ગઇકાલે સવારે કારેલીબાગ મંદિરેથી પૂજ્ય જ્ઞાનજીવનદાસજી સ્વામીના સાનિધ્યમાં પાંચ હજારથી વધુ હરિભક્તોની પદયાત્રા નીકળી હતી.

આ પદયાત્રા શહેરના માંડવી થઈ વાડી શ્રી સ્વામિનારાયણ મંદિરે પહોંચી હતી અને મંદિરે શણગાર આરતી કર્યા પછી પુનઃ વાડી મંદિરથી કારેલીબાગ નિજ મંદિરે પરત ફરી હતી.

-----------------------------------------------------------------------

## NARSINH MEHTA- JAYANTI

જૂનાગઢમાં આદ્ય કવિ નરસિંહ મહેતાની 616મી જન્મજયંતીની ગઈકાલે હર્ષોલ્લાસ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. સુખનાથ ચોકમાં આવેલ નરસિંહના ચોરા ખાતે વિશેષ શણગાર, મંગળા આરતી, રાજભોગ અને કિર્તન સાથે મહેતાજીની ભાવ વંદના કરવામાં આવી હતી. તો વિવિધ શાળાઓમાં વહેલી સવારે પાંચ વાગ્યે નરસિંહના પ્રભાતિયાનો પણ ઉપક્રમ સંપન્ન થયો હતો.

-----------------------------------------------------------------------

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુંબઇના રેલવે માર્ગ ઉપર વિરાર-વૈતરણા વચ્ચે હાથ ધરાનારી કામગીરીના લીધે આજે અને આવતીકાલે બે ટ્રેન રદ કરવામાં આવી છે. 5 અંશતઃ રદ કરાઇ છે, જ્યારે 23 ટ્રેનો મોડી ચલાવાશે.

પશ્ચિમ રેલવની યાદીમાં જણાવ્યા મુજબ, 24મી અને 25મીએ વિરાર- ડહાણુ લોકલ રદ્દ કરાઇ છે. આ ઉપરાંત, સંજાણ- વિરાર મેમુ, વિરાર-ભરૂચ પેસેન્જર ટ્રેન અને સુરત-વિરાર પેસેન્જર ટ્રેનને દહાણુ રોડ સુધી ચલાવાશે. આ ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસ, ઓખા-મુંબઇ સેન્ટ્રલ એક્સપ્રેસ, અમદાવાદ-બાંદ્રા લોકશક્તિ એક્સપ્રેસ, વેરાવળ-બાંદ્રા એક્સપ્રેસ, એકતાનગર- દાદર એક્સપ્રેસ, અમદાવાદ- દાદર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ભાવનગર- બાંદ્રા સુપરફાસ્ટ સહિત 23 ટ્રેનો નિર્ધારિત સમયપત્રક કરતાં મોડેથી ચલાવાશે.

---------------------------------------------------------------------